# મન કી બાત

વોલ્યુમ 11



# MANN KI BAAT
## VOL.11

**Illustrations and Cover Art**
Dilip Kadam

**Assistant Artist**
Ravindra Mokate

**Production**
Amar Chitra Katha

**Colourists**
Prakash Sivan, Prajeesh V. P. and M. P. Rageeven

**Layout Artist**
Akshay Khadilkar

**Published by**
Amar Chitra Katha Pvt. Ltd

**GUJARATI**

ISBN – 978-93-6127-021-5

Amar Chitra Katha Pvt. Ltd, February 2024

© Ministry of Culture, Govt of India, February 2024
All rights reserved. This book is sold subject to the condition that the publication may not be reproduced, stored in a retrieval system (including but not limited to computers, disks, external drives, electronic or digital devices, e-readers, websites), or transmitted in any form or by any means (including but not limited to cyclostyling, photocopying, docutech or other reprographic reproductions, mechanical, recording, electronic, digital versions) without the prior written permission of the publisher, nor be otherwise circulated in any form of binding or cover other than that in which it is published and without a similar condition being imposed on the subsequent purchaser.

You can now get ACK stories as part of your classroom with **ACK Learn**, a unique learning platform that brings these stories to your school with a range of workshops. Find out more at **www.acklearn.com** or write to us at **acklearn@ack-media.com**.



મારા પ્રિય બાળકો,

આપણી સંસ્કૃતિ હંમેશા “માતા, પિતા, ગુરુ, દૈવમ”ની ઉક્તિમાં માને છે.

એન.કે. હેમલતા નામના તમિળ શિક્ષિકાએ આ ઉક્તિને જીવી છે. કોવિડ-19 મહામારી દરમિયાન જ્યારે નિશાળો બંધ હતી ત્યારે, હેમલતાજીએ પાઠના એનિમેટેડ વીડિયો બનાવ્યાં અને તેમને પોતાના વિદ્યાર્થીઓમાં વિતરીત કર્યાં.

એવા જ એક શ્રીપતિ તુડુ નામના સંથાલીના પ્રોફેસર પણ છે. જેમણે મહિનાઓના સંશોધન પછી આપણાં બંધારણનું સંથાલીમાં ભાષાંતર કર્યું. હવે, ઘણાં સંથાલ લોકો છેવટે પોતાના અધિકારો વિશે વાંચી શકે છે - હું આવું જ કંઈક ઇચ્છું છું કે દરેક ભારતીય નાગરિક બંધારણ વાંચી શકે.

જો કે, મહાન શિક્ષક હંમેશાં ક્લાસરૂમમાં જ નથી મળતા.

અબ્દુલ ગફુર ખત્રી, એક રોગન કલાકાર કે જેણે લગભગ 200થી વધુ છોકરીઓને કાપડ રંગવાની આ પ્રાચીન પદ્ધતિમાં પ્રશિક્ષિત કરી, જેણે તે છોકરીઓને ઐતિહાસિક પુરુષ-પ્રધાન ક્ષેત્રમાં સ્થાન આપ્યું. તે જ રીતે, નાગાલેંડની લિદી ક્રોઉ સોસાઇટીએ આગલી પેઢી માટે કાર્યશાળાઓ આયોજિત કરીને નાગા પ્રથાઓને સમાપ્ત થવાથી બચાવવાનો ધ્યેય રાખ્યો છે.

ગાંધીજીના કહેવા અનુસાર, “એક મીણબત્તીની જ્યોતથી હજારો મીણબત્તીઓ પ્રકાશિત થઈ શકે છે.” જોશભેર શીખો અને ઉદારતાપૂર્વક શીખવાડો. જ્યારે તમે કોઈ અન્યની મીણબત્તીને પ્રકાશિત કરો છો ત્યારે તે ફક્ત એક સ્પર્શ હોઈ શકે છે જે પરિવર્તનને આગળ વધારે છે.



# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | અબ્દુલ ગફુર ખત્રી | 3 |
| 2 | બંડુ ધોત્રે | 6 |
| 3 | દૈતારી નાઇક | 9 |
| 4 | લિદી ક્રોઉ સોસાઇટી | 12 |
| 5 | માર્ટિના દેવી | 15 |
| 6 | એન. કે. હેમલતા | 17 |
| 7 | મા સરસ્વતી સેલ્ફ હેલ્પ ગ્રૂપ | 19 |
| 8 | સ્માર્ટગાંવ | 22 |
| 9 | સોનાલી હેલ્વી | 25 |
| 10 | શ્રીપતિ તુડુ | 28 |
| 11 | યુવા બ્રિગેડ | 31 |

# અબ્દુલ ગફુર ખત્રી



બાળકો ભારતમાં રહેલા કલાના વિવિધ પ્રકારો વિશે જાણી રહ્યાં હતા.
આમાંથી મોટા ભાગના પ્રકારો વિશે આપણે ક્યારેય સાંભળ્યું જ નથી?
દિનેશ, મશીન દ્વારા બનાવેલા આર્ટિફેક્ટ્સે બજાર પર કબજો કરી લીધો છે. તે સસ્તા અને સરળતાથી ઉપલબ્ધ હોય છે.
ART FORMS OF INDIA
હું તમને અબ્દુલ ગફુર ખત્રી વિશેની સ્ટોરી કહું છું જેણે પોતાની કલાને જીવંત રાખવા માટે લડત લડી. હવે તેણે પોતાની કલાને વિશ્વભરમાં લોકપ્રિય બનાવી છે.
સ્ટોરી ટાઇમ! હેઇ!
'રોગન' કલા એ એક પ્રાચીન કલાનો પ્રકાર છે જે કલા પર્શિયાથી ભારત આવી છે. રોગન, એ અરંડીનું તેલ અને રંગોનું એક મિશ્રણ છે જેનો ઉપયોગ કપડા પર હાથથી જટિલ પેટર્ન બનાવવા માટે થાય છે.
ગુજરાતના કચ્છ જીલ્લાના નિરોના ગામમાં ખત્રી કુટુંબ ઘણી પેઢીઓથી આ કલાનો અભ્યાસ કરી રહ્યું છે.
1965માં, ખત્રી કુટુંબમાં એક છોકરાનો જન્મ થયો. તેનું નામ અબ્દુલ રાખવામાં આવ્યું. તેણે પોતાના કુટુંબને રોગન આર્ટનો અભ્યાસ કરતા જોયું.
અને હવે, આપણે આ ઘટ્ટ તેલના બૉલમાં પિગમેન્ટ ભેળવીશું.
વાહ!
કમનસીબે, 70ના દાયકાના ઉત્તરાર્ધમાં, કલાનો પ્રકાર લગભગ લુપ્ત થઈ ગયો હતો.
કોઈને પણ હવે હાથેથી બનાવેલ રોગન કલાકારી જોઈતી નહોતી. લોકો ફક્ત મશીન-પ્રિન્ટેડ ડિઝાઇનવાળા કપડા જ ખરીદતા હતા.
આપણું કુટુંબ એ ભારતના રોગન કલાકારો ધરાવતું છેલ્લું કુટુંબ છે. જો આપણે આને બંધ કરી દઈશું, તો આ કલા હંમેશ માટે ખોવાઈ જશે.


જલ્દી જ, અબ્દુલને પણ કામ માટે શહેરમાં જવું પડ્યું. તે થોડો સમય અમદાવાદ અને તે પછી મુંબઈમાં રહ્યો.
કચ્છમાં દુષ્કાળની સ્થિતિ વણસી રહી છે. દાડિયા મજૂરો પર કોઈ કામ નથી. મારા પરિવારનું ગુજરાન કઈ રીતે થશે?
1980ના અંતમાં, ગુજરાત સરકાર તરફથી રોગન આર્ટવર્ક માટેનો એક ઓર્ડર આવ્યો. અબ્દુલે ઘરે પાછા ફરીને પોતાના કુટુંબ સાથે તેના પર કામ કરવાનું નક્કી કર્યું.
ઘણો સમય થઈ ગયો. અબ્દુલ તારે હવે રોગનની કુશળતાઓને ફરીથી શીખવી પડશે.
હા, અબ્બુ. મેં આપણી કલાને જ મારું જીવન સમર્પિત કરવાનું નક્કી કર્યું છે અને તેને જીવંત રાખવા માટે હું દરેક વસ્તુ કરીશ.
રોગનને આજના યુગમાં સંબંધિત રાખવા માટે મારે કોઈ રસ્તો શોધવાની જરૂર છે.
પહેલાં, સ્થાનિક સમુદાયો વસ્ત્રો અને અન્ય ઉપયોગ માટે અમારું કાપડ ખરીદતા પણ હવે મશીન-નિર્મિત કાપડે તેનું સ્થાન લઈ લીધું છે. હવે કોઈ નવું બજાર શોધવાની જરૂર છે જે આપણી કલાને ખરીદે.
તારી વાત સાચી છે, અબ્દુલ.
જલ્દી જ, અબ્દુલે વૉલ હેંગિંગની સાથે બેગ, ચાદરો, જેકેટ, કુરતા અને વધુ વસ્તુઓનો સમાવેશ કરવા માટે પરંપરાગત રોગન ડિઝાઇનોની ફરીથી શોધ કરી.


નવા ઉત્પાદનો વેચાઈ રહ્યા છે! પ્રવાસીઓએ બિઝનેસને મોટા પ્રમાણમાં પુનર્જીવિત કર્યો છે.
જલ્દી જ, ખત્રી કુટુંબે આ કલામાં વધુ રુચિ જનરેટ કરવા માટે પ્રવાસીઓ સાથે ડેમોન્સ્ટ્રેશન કાર્યશાળા અને 'પ્રશ્ન અને જવાબ' સત્રો આયોજિત કરવાનું શરૂ કર્યું.
આજે, ખત્રી કુટુંબ પાસે રોગન કલા વિશે જાણવા માટે ઉત્સુક દરરોજ 150થી વધુ પ્રવાસીઓ આવે છે.
અબ્દુલે આપણાં હેન્ડીક્રાફ્ટને કલાના સ્તર સુધી પહોંચાડ્યું છે. લોકો ફરીથી આપણી નોંધ લેવા લાગ્યા છે.
તેની કલાના નમૂનાઓ માટેની વધતી માંગને પૂરી કરવા માટે, અબ્દુલે તેના ગામની 200થી વધુ છોકરીઓને પ્રશિક્ષણ આપવાનું શરૂ કર્યું. પરંપરાગત પુરુષ-પ્રધાન ક્ષેત્રમાં આ એક સ્મારક પગલું છે.
તમે છોકરીઓ મારા અને મારા ભાઈઓ કરતા વધુ ધીરજવાન છો, અમે તમારી ઉંમરમા આટલી ધીરજ ધરાવતા નહોતા. હા હા!
2014માં, આ કળા તેની પ્રસિદ્ધિની ઊંચાઈએ પહોંચી જ્યારે PM નરેન્દ્ર મોદીએ અબ્દુલના રોગન ચિત્રોમાંથી એક ટ્રી ઓફ લાઈફ દર્શાવતી પેઇન્ટિંગ યુ.એસ.એ.ના તત્કાલિન રાષ્ટ્રપતિ બરાક ઓબામાને ભેટ આપી.
રોગન કળાને એકલા હાથે પુનર્જીવિત કરવા માટે, અબ્દુલને 2019માં પદ્મશ્રી એવોર્ડ મળ્યો.
ખત્રી કુટુંબના ઘણા સભ્યોને પણ રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો છે. અબ્દુલના સમર્પણ અને નવીનતા માટે પ્રધાનમંત્રી મોદીએ મન કી બાત પર તેની પ્રશંસા કરી.

# બંડુ ધોત્રે



વિદ્યાર્થીઓની ચર્ચા ચાલી રહી હતી.
મેં વાંચ્યું છે કે તાજમહેલ પહેલા એકદમ સફેદ હતો. વર્ષોથી થતા પ્રદૂષણને કારણે હવે તે આછા પીળા રંગનો થઈ ગયો છે.
પરંતુ આપણે આ ક્ષતિને દૂર કરી શકતા નથી કે તે સ્મારકને ફરીથી બાંધી શકતા નથી. હવે ત્યાં કરવા જેવું કંઈ જ નથી.
ના એવું નથી પૂજા. આપણે સ્મારકોને ફરીથી બાંધી શકતા નથી, પરંતુ આપણે તેને પુનઃસ્થાપિત કરી શકીએ છીએ અને તેમને જાળવી શકીએ છીએ. મહારાષ્ટ્રમાં એક એનજીઓ છે જેણે સદીઓ-જૂના કિલ્લાને સ્વચ્છ અને પુનઃસ્થાપિત કર્યો છે.
બંડુ ધોત્રે, મહારાષ્ટ્રના ચંદ્રપુરના નિવાસી છે, તેમને તેમના વતન અને પ્રકૃતિ પ્રત્યે અત્યંત પ્રેમ છે.
ખૂબ વધારે ઔદ્યોગિક વિકાસ કરીને આપણે કુદરતને ખૂબ ખલેલ પહોંચાડીએ છીએ.
TIGER ATTACKS MAN
જીલ્લાનો લગભગ ત્રીજા ભાગનો વિસ્તાર વનાચ્છાદિત છે, તેથી માનવીઓ માટે જંગલી પ્રાણીઓનો સામનો કરવો એ સામાન્ય ઘટના હતી.
આપત્તિ વ્યવસ્થાપનમાં પ્રશિક્ષિત, તે આ ક્ષેત્રને સામનો કરવો પડતો તેવી વિવિધ સામાજિક અને કુદરતી સમસ્યાઓ વિશે ખૂબ જ ચિંતિત હતા.
મારે મારી કુશળતાનો સારો ઉપયોગ કરવો જોઈએ અને કેટલાક સ્વયંસેવકોને આ પ્રકારની કટોકટીની સ્થિતિ માટે પ્રશિક્ષિત કરવા જોઈએ.




*મરાઠી ભાષામાં બહેન

^મરાઠી ભાષામાં ભાઈ


ઇકો-પ્રો દ્વારા અપનાવાયેલ પ્રોજેક્ટ પૈકી એક હતો ચંદા કિલ્લાની સફાઈ અને પુનઃસ્થાપના.
આ એક વિશાળ કાર્ય છે, પરંતુ આ કિલ્લો ચંદ્રપુરનું ગૌરવ છે.
હા, જ્યાં સુધી તે ફરીથી સાફ ન થાય ત્યાં સુધી અમે રોકાઈશું નહીં.
આમ, ઈકો-પ્રોની દસ સભ્યોની ટીમે કિલ્લાની સફાઈ શરૂ કરી.
દર સપ્તાહના અંતે અને રજાના દિવસે અન્ય સ્વયંસેવકો પણ ટીમમાં જોડાતા.
મારી દુકાન આજે બંધ છે અને મારા દિકરાની પણ આજે શાળા નથી. શું અમે જોડાઈ શકીએ?
ચોક્કસ!
કિલ્લાને પુનઃસ્થાપિત કરવાના ઇકો-પ્રોના પ્રયાસમાં જીવનના તમામ ક્ષેત્રના લોકો જોડાયા હતા.
200 દિવસના સતત કામ બાદ કિલ્લાના મોટાભાગના ભાગોને સાફ કરવામાં આવ્યા હતા.
હેલો ટીમ, આપણે ઘણી લાંબી મઝલ કાપી છે. મને આપણાં બધા પર અને તમામ નાગરિકો પર ગર્વ છે જેમણે અમારી મદદ કરી છે.
હેય!
ઈકો-પ્રોની સિદ્ધિની વડાપ્રધાને પણ પ્રશંસા કરી.
કિલ્લાઓ આપણા વારસાના પ્રતિક છે. આપણા ઐતિહાસિક વારસાને સુરક્ષિત અને સ્વચ્છ રાખવાની તમામ દેશવાસીઓની ફરજ છે. હું ઇકોલોજીકલ પ્રોટેક્શન ઓર્ગેનાઇઝેશન, તેમની સમગ્ર ટીમ અને ચંદ્રપુરના લોકોને અભિનંદન આપું છું.

# દૈતારી નાઇક



ઉંહ! આહ!
આ ખૂબ મુશ્કેલ છે!
હું તમને દૈતારી નાઇકની સ્ટોરી કહું છું જેણે ચાર વર્ષ સુધી દરરોજ આ કર્યું છે. તમે કરો છો તેવી નરમ જમીન નહીં પણ સખત ખડકોમાં ખોદકામ કરતા. તેણે જે હાંસલ કર્યું તે અતુલનીય હતું.
દૈતારી નાઇક, ઓડિસાના કેઓનિહાર જીલ્લાના તાલબૈતરની નામના ખડકાળ અને શુષ્ક ગામમાં રહેતા હતા.
જીવન ખૂબ મુશ્કેલ બની રહ્યું છે. અહીં કંઈપણ ઉગતું નથી અને લોકો ગામ છોડીને જઈ રહ્યાં છે.
તેઓ શું કરે? અહીં પાણી નથી. પાક ફક્ત વરસાદ પડે ત્યારે જ થાય અને તે પછી પણ વેચવા માટે પર્યાપ્ત નથી.
હું તે પહાડીઓની પાછળ પાણીનો અવાજ સાંભળી શકું છું પણ આ બાજુ એક ટીપું નથી આવતું.
ગુપ્ત બૈતરણી નદી, ગોનાસિકા ટેકરી મારફતે દૈતારીના ગામની પાછળ વહે છે.
જો તે પાણીને અહીં લાવવાનો કોઈ રસ્તો હોત, તો આપણું જીવન કેટલું સરળ હોત.
હા હા! તમારે એક એંજીનિયર બનવું જોઈતું હતું, ખેડૂત નહીં.


આ એક સપનું પૂરું થવા જેવું હશે.
પણ દૈતારી, સપના જોવાથી કંઈ વળશે નહીં.
હમ્મ.
1996માં એક વહેલી સવારે, દૈતારીએ એક લોખંડનો સરિયો અને એક કોદાળી ઉપાડી...
તમે ક્યાં જઈ રહ્યાં છો?
...અને ટેકરી તરફ નીકળી પડ્યો.
જ્યારે તે પહાડીના એક નાળા સુધી પહોંચ્યાં -
ઠંક
ઠંક!
આગલી સવારે -
તમે શું કરી રહ્યાં છો? તમે ગઈ કાલે આખો દિવસ અહીં હતા. મને કોઈ અંતર દેખાતું નથી.
હું આ પાણી માટે એક નહેર બનાવવા માંગુ છું જેથી કરીને તે વહીને આપણા ગામ સુધી નીચે આવે. હું તે થઈ જાય ત્યાં સુધી ખોદવાનું ચાલુ રાખીશ.
તે પછી દૈતારી દરરોજ ટેકરી પર ખોદવાનું કામ કરવા લાગ્યો.
ઠંક
ઠંક
તે ગામના લોકો માટે એક મનોરંજક દૃશ્ય હતું.



પણ થોડા સમય પછી -
તેને જોતા રહેવામાં મારો સમય બગાડવાને બદલે, હું તેની મદદ કરી શકું છું.
જલ્દી જ, અન્ય ગ્રામવાસીઓ પણ તેમની સાથે મદદ માટે જોડાયા, તેમને જ્યારે પણ સમય મળતો ત્યારે.
ધીમે ધીમે, ખડકે રસ્તો આપવાનું શરૂ કર્યું. ચાર વર્ષના લાંબા સમયગાળામાં દૈતારીએ નદીથી નીચેની બાજુએ ત્રણ-કિલોમીટર લાંબી નહેર ખોદી કાઢી, જ્યાં સુધી -
પાણી! આપણી પાસે પાણી આવ્યું!
તાલબૈતરણીની લગભગ 100 એકડ જમીન આ નહેરથી સિંચાઈ ગઈ જે દૈતારીએ ખોદી હતી. એક વર્ષના સમયગાળામાં ગામવાસીઓનું જીવન બદલાઈ ગયું.
હવે આપણે આખું વર્ષ પાક લણી શકીએ છીએ.
આપણી પાસે વેચવા માટે વધારાનો પાક પણ છે. આપણાં છોકરાઓને ભણાવવાના પૈસા પણ રહેશે.
હવે ‘કૅનલ મેન ઑફ ઓડિસા’ તરીકે જાણીતા, દૈતારીને 2019માં પદ્મશ્રી પુરસ્કાર મળ્યો. મન કી બાત પર તેની પ્રશંસા પણ કરવામાં આવી.
પણ દૈતારીની એક વિનંતી છે.
નહેર ખોદાઈ તો ગઈ છે, પણ તેને જાળવવાની જરૂર છે. જો સરકાર તેને સિમેન્ટ વડે પાકી બનાવી શકે તો તે એક મોટી મદદ થશે.

# લિદી ક્રોઉ સોસાઇટી



આ ખૂબ સ્વાદિષ્ટ છે! તે શું છે?
તેનું નામ શું છે તે મને ખબર નથી. તે કેવી રીતે બનાવાય તે ફક્ત મારી દાદીને જ ખબર છે.
તારે આ વાનગી શીખવાનો પ્રયાસ કરવો જોઈએ.
આપણી સંસ્કૃતિને જીવંત રાખવાની સૌથી સારી રીત છે શીખીને ઉપયોગમાં લાવવું. કોહિમામાં લોકોનો એક સમૂહ યુવાઓમાં નાગા સંસ્કૃતિનો પ્રચાર કરી રહ્યો છે.
2012માં, કોહિમા -
આપણાં બાળકોનું તેમની સંસ્કૃતિ સાથે કોઈ જોડાણ નથી.
હા, પરંપરાગત વસ્ત્રો, સંગીત અથવા આહારમાં મારા બાળકોને બિલકુલ રુચિ નથી.
જો કોઈપણ આ વસ્તુઓ નહીં શીખે, તો આપણી સંસ્કૃતિ ધીમે ધીમે નષ્ટ થઈ જશે.
આપણે તેને આગલી પેઢી સુધી પહોંચાડવા માટે કંઈક કરવું આવશ્યક છે.


તેમની સંસ્કૃતિને લુપ્ત થવાથી બચાવવા માટે, મહિલાઓના જૂથે લિદી ક્રોઉ સોસાયટી શરૂ કરી.
LIDI KROU SOCIETY KOHIMA
સોસાયટીની મોટા ભાગની સદસ્ય માતાઓ હતી જે એક ગાયક સમૂહનો ભાગ હતી.
તેમણે નાગાઝની પરંપરાગત રીત-રિવાજો વિશે વધુ જાણવામાં રુચિ ધરાવતા લોકો માટે કાર્યશાળાઓ અને વર્ગોનું આયોજન કર્યું, જેમકે તેમની ઘરગથ્થુ પદ્ધતિઓ...
ચાલો હું તમને બતાવું કે ડાંગર કેવી રીતે કૂટાય છે.
...તેમના વ્યંજનો બનાવવા...
હવે માછલી વાંસની અંદર રંધાવા માટે તૈયાર છે.
મેં એકવાર તેવું કર્યું હતું, તે ખૂબ જ સુગંધપૂર્ણ બની હતી!
...તેમનું સંગીત...
ચાલો આ ગીતોને રેકોર્ડ કરીએ અને તેનો એક આલ્બમ બનાવીએ.
અરે જબરદસ્ત ખ્યાલ છે!
...તેમના નૃત્ય...
તેમણે આ બાળકોને સારી રીતે પ્રશિક્ષિત કર્યા છે.
સાચું. મેં બાળપણથી લોકનૃત્યનું આવું સુંદર પ્રદર્શન ક્યારેય જોયું નથી.




*એક પરંપરાગત નાગા પરિધાન, સામાન્ય રીતે સ્કર્ટની જેમ પહેરાય છે

# માર્ટિના દેવી



શ્રેયસ ખૂબ ખરાબ મૂડમાં હતો.
મેદાનમાંથી મોટા ભાગની ખુરશીઓ હૉલમાં હું લઈ ગયો હતો અને સ્પોર્ટ્સ સરને લાગતું હતું કે તે કામ ફક્ત દસમા ધોરણના મહેશે કર્યું.
તને ખબર નથી, તું કદાચ વેટલિફ્ટર બની શકે છે.
ખુરશીઓ ઉપાડીને?!
હા હા હા! મારી વાર્તા સાંભળો અને તમે સમજી જશો કે હું શું કહેવા માગુ છું.
2016માં, મણિપુરના એક દૂરના ગામમાં -
અને વિજેતા છે મણિપુરની કુંજુરાની દેવી!
જુઓ પપ્પા! કુંજુરાની મણિપુરની છે. હું તેના જેવી વેઇટલિફ્ટર બનવા માગુ છું.
દસ વર્ષની માર્ટિના ઇન્ડિયન ચેમ્પિયન વેઇટલિફ્ટર, કુંજુરાની દેવી પરનો એક પ્રોગ્રામ જોઈ રહી હતી.
હા બિલકુલ બની શકે છે! બસ તારે સખત મહેનત કરવી પડશે.
શું તું દરરોજ મારા માટે પાણીની ભારી બાલ્ટીઓ નથી લાવતી? તું તો મારી તાકતવાન છોકરી છો.


માર્ટિના માટે, તેના માતા-પિતાનો તેનામાં વિશ્વાસ હોવો પુરતું હતું. તેણે તે જ વર્ષે ડિસેમ્બરમાં પ્રશિક્ષણ લેવાનું શરૂ કર્યું.
આ છોકરીમાં જબરદસ્ત સંભાવના દેખાય છે.
હા, તે સ્પોર્ટ્સ પ્રત્યે સમર્પિત પણ છે.
તે સમર્પણ, સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયા (SAI), લખનઉ ખાતેના સપોર્ટ અને પ્રશિક્ષણને લીધે ઘણી બધી વિજયમાં પરીણમ્યું.
તમે એકલા 2022માં જ વેઇટલિફ્ટિંગમાં 39 રેકોર્ડ બનાવ્યાં છે. શું હજી પણ કંઈ પૂરું કરવાનું બાકી રાખ્યું છે?
બિલકુલ! વિશ્વના સ્ટેજ પર જવામાં હજી મારે લાંબી મઝલ કાપવાની બાકી છે પણ મને ખબર છે કે હું તે કરી શકું છું.
તો, હવે આગળ શું આવે છે?
હવે વર્લ્ડ યુથ ચેમ્પિયનશીપ છે અને તે પછી ઓલિમ્પિક્સ.
માર્ટિનાનો અસીમ આત્મવિશ્વાસ તેના પોતાના કથનમાં ઝળકે છે.
હું જાણું છું કે હું હંમેશાં પહેલા કરતા બહેતર કરીશ.
હકીકત એ છે કે પ્રધાનમંત્રી મોદીએ તેમના રેડિયો પ્રોગ્રામમાં તેની સિદ્ધિઓની પ્રશંસા કરી, જે માર્ટિનાની સફળતાનો પર્યાપ્ત પુરાવો છે.

# એન. કે. હેમલતા




*સેકન્ડરી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ, ધોરણ 10ની પરીક્ષા તરીકે પણ ઓળખાય છે

^તામિલનાડુનો એક જીલ્લો




*યોગ્ય જીવનશૈલી અને યોગ્ય વિચારસરણી વિશેના તમિલ દોહાનો સંગ્રહ

# મા સરસ્વતી સેલ્ફ હેલ્પ ગ્રૂપ




*ઉત્તર પ્રદેશનો એક જીલ્લો

^કેળાના ઝાડમાં ફક્ત એક જ વાર ફળ આવે છે. તે પછી, તેનું થડ કાપી નાખવામાં આવે છે અને નવા છોડવા પર નવા ફળો ઉગે છે.


એક દિવસ, લખીમપુર ખેરીના મુખ્ય વિકાસ અધિકારી, અરવિંદ સિંઘે ઇસાનગરના સમૈસા ગામની મુલાકાત લીધી અને ખેડૂતોને મળ્યા.
તમે આ કેળાના થડોનું શું કરો છો?
અમે તેમને ફેંકી દઈએ છીએ.
અમને તેનું કંઈક કરવું ગમશે, પરંતુ શું કરવું એ ચોક્કસ રીતે જાણતા નથી. અમે નથી ઇચ્છતા કે કેળાના સારા થડ આમ નકામા જાય.
હમ્મ... હું જોઉં છું આનું શું કરી શકાય.
જે બોલી રહી હતી તે મહિલા હતી પૂનમ દેવી, મા સરસ્વતી નામના એક સ્વ સહાય સમૂહની અધ્યક્ષ.
અરવિંદે જલ્દી જ આ સમસ્યાનું અસરકારક સમાધાન શોધવાનું શરૂ કર્યું. એક દિવસ -
મને લાગે છે તે આ જ છે. મને મળી ગયું!
અરવિંદે પૂનમ દેવી અને તેમના સમૂહનો સંપર્ક કર્યો.
આપણે કેળાના થડમાંથી રેસાઓ કાઢી શકીએ છીએ. કેળાના રેસાઓનો ઉપયોગ કપડા, થેલીઓ અને ઘણી અન્ય વસ્તુઓ બનાવવામાં થાય છે. હું તમારા ગામમાં એક એક્સ્ટ્રેક્શન યુનિટ સ્થાપિત કરી શકું છું. શું તમે રેસા કાઢવાનું કામ હાથમાં લેશો?
હા, બિલકુલ. તેનાથી અમને આવક મળશે અને થડનો સારો ઉપયોગ પણ થશે.



અરવિંદે જલ્દી જ સાધન મેળવ્યું અને સમૈસામાં તેને સેટ કર્યું.
તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે સમજવા માટે તમારે ઑનલાઇન પ્રશિક્ષણ લેવાની જરૂર પડશે.
હું તે કરીશ સર, અને અન્ય મહિલાઓને પણ પ્રશિક્ષણ આપવામાં મદદ કરીશ. અમે તરત જ કામ શરૂ કરીશું.
થોડા અઠવાડિયા પછી -
આ સુકાયેલા અને અલગ કરાયેલા રેસા છે.
આ અદ્ભુત છે. મને તે કંપનીઓને પરીક્ષણ અને અજમાયશ માટે મોકલવા દો અને મને આશા છે કે કોઈ વ્યક્તિ તેને ખરીદવા માગશે.
જૂન 2021માં -
પૂનમ દીદી, આ પત્ર મા સરસ્વતી ગ્રૂપના સરનામે આવ્યું છે.
હું આશા રાખું છું કે તે કોઈ સારા સમાચાર હોય!
અને તે ખરેખર હતા -
આલ્ટમેટ નામની ગુજરાતની કંપનીને 200 કિલો કેળાના રેસા જોઈએ છે. તેઓ આપણને 21,000 રૂપિયા ટોકન તરીકે આપવા પણ તૈયાર છે.
તે આશ્ચર્યજનક છે!
આજે, સમૂહની 40 મહિલા સભ્યોની દરેક એક દિવસમાં ચારથી છ કિલો રેસા તૈયાર કરે છે.
અમે દરરોજ 400 થી 600 રૂપિયાનું કામ કરીએ છીએ. આ પહેલથી અમને આજીવિકાની મહાન તક મળી છે.
મહિલાઓ આશા રાખે છે કે વધુ કંપનીઓ રેસા ખરીદે. આનાથી ફક્ત તેમની આવક જ નહીં વધે, પણ વિશાળ ખેતીવિષયક કચરાને હેન્ડલ કરવામાં મદદ પણ મળશે.

# સ્માર્ટગાંવ




*યુ.એસ.એ.ના કેલિફોર્નિયાનું એક શહેર

^સેન જોસમાં ઇન્ડોર એરેના




*ઉત્તર પ્રદેશના રાયબરેલી જીલ્લાનું ગામ

^ગામના પ્રમુખ


આગલા વર્ષે, તેમને ગામમાં ઇન્ટરનેટ સેવા, સ્ટ્રીટ લાઇટ, શૌચાલય, વધુ સારો વીજળી પુરવઠો અને સારી આરોગ્ય સેવાઓ મળી.
ઇન્ટરનેટનો ઉપયોગ કરવા ઇચ્છતા કોઈપણ માટે આ નવો વાઇફાઇ ઝોન છે.
અમારા ગામની સંપૂર્ણ કાયાપલટ થઈ ગઈ છે. હું તમારા કામ માટે પૂરતો આભાર માની શકતો નથી.
જો કે, બંનેનું કામ, પૂરું થયું નહોતું. તેઓ એક નવી યોજના સાથે ગામના ખેડૂતોને જલ્દી જ મળ્યાં.
આપણી ઍપ પર, એક ગ્રામ માર્ટ સુવિધા છે. તમે વેચવા માગતા હો તે પાક વિશેની માહિતી ત્યાં મૂકી શકો છો. આસપાસના ગામના લોકો તેને જોશે અને તેમના ઓર્ડર આપશે.
એટલે કે કોઈ વચેટિયા નહીં.
અને આશા છે કે આવક વધારે થશે!
રજનીશ અને યોગેશની ગામની મહિલાઓની આવક વધારવાની પણ યોજના હતી.
ઍપ પર એક બિઝનેસ ઓપોર્ચ્યુનિટી નામની સુવિધા છે. જો તમે તમારું કોઈપણ ઉત્પાદન વેચવા માગતા હો, તો તમે તેને ઍપ મારફતે કરી શકો છો.
તમે અમારા પ્રશિક્ષણમાં હાજરી આપો તે પછી અમે તમને લોકો સાથે કનેક્ટ કરી શકીશું અને તમને તમારી રચનાઓ વેચવામાં અને તમારી આવક વધારવામાં મદદ કરી શકીશું.
પ્રાથમિક વિદ્યાલય
આગલા થોડાંક વર્ષોમાં, રજનીશ અને યોગેશે ટૌઢકપુરની સફળતાની પ્રતિકૃતિ 14 અન્ય ગામોમાં કરી.
નિશ્ચિંત રહો. તમારા ગામમાં ટૂંક સમયમાં પીવાનું શુદ્ધ પાણી હશે.
અમને ફક્ત તમારા સપોર્ટની જરૂર છે.
આજે, રજનીશ અને યોગેશ 20થી વધુ ગામો પર કામ કરી રહ્યાં છે અને લગભગ 22 સ્ટાર્ટ-અપ્સ તેમની સાથે સહયોગ કરી રહ્યાં છે.
સમય જતાં, અમે દેશના દરેકે દરેક ગામ સુધી પહોંચવા માંગીએ છીએ અને તે બધાને સ્માર્ટ ગામ બનાવવા માગીએ છીએ.
સ્માર્ટગાંવ સાહસને ખૂબ લોકપ્રિયતા મળી અને તેમનો પ્રધાનમંત્રી મોદીના મન કી બાત પ્રોગ્રામમાં ઉલ્લેખ પણ થયો.

# સોનાલી હેલવી




*જટિલ ગણતરીઓને ઝડપથી કરવા માટે વપરાતું એક ઉપકરણ
















*એક પરંપરાગત ભારતીય રમત જેમાં એક હારમાં ચેઝર્સ અને ડિફેન્ડર્સ બેસે છે

^મરાઠીમાં માતા

**રેઇડિંગ અને ડેફેન્ડિંગ ટીમની એક પરંપરાગત ભારતીય રમત


એક મોટી જીત પછી, સોનાલીને લાગ્યું હવે પોતાના પરિવારને જણાવવાનો સમય આવી ગયો છે.
જો, આઈ! હું કબડ્ડીની જુનિયર નેશનલ્સમાં સ્વર્ણ પદક જીતી
તું કબડ્ડી રમી રહી છો?
જુનિયર નેશનલ્સ?
મને ખબર છે કે તમે બંને ઇચ્છો છો કે હું ભણું અને સારી નોકરી કરું, પણ તે રસ્તો મારા માટે નથી. હું કબડ્ડીને આગળ વધારવા માંગુ છું.
તેં તારું મન બનાવી લીધું છે. હવે અમે તારી રુચિના રસ્તામાં નહીં આવીએ.
મારી એક માથાભારે બહેન છે! પરંતુ તેં આજે અમને બધાને ગૌરવ અપાવ્યું છે!
તે પછી, તેણે પાછળ વળીને જોયું નહીં.
સોનાલી પોતાને આગળ ધપાવ, અને તું ખૂબ ઊંચાઈએ પહોંચી જઇશ.
સોનાલીએ ઉત્સાહપૂર્વક તાલીમ શરૂ કરી અને 2008માં મહારાષ્ટ્ર ટીમની કેપ્ટન બની.
આજે, સોનાલી તેની આક્રમક રેઇડિંગ શૈલી અને એક ઉત્તમ ઓલરાઉન્ડર તરીકે જાણીતી છે. તેણીના શિક્ષણ અને કાર્યને સંતુલિત કરતી વખતે તેણી તેના જુસ્સાને અનુસરે છે.
તેના જુસ્સા અને દૃઢનિશ્ચયની પ્રધાનમંત્રી મોદીએ તેમના રેડિયો શો, મન કી બાતમાં પ્રશંસા કરી.
પોતાના પરિવાર અને સમુદાયના વિરોધ છતાં, સોનાલીએ સાબિત કર્યું કે મન હોય તો માળવે જવાય! જહાં ચાહ, વહાં રાહ!
હવે, સોનાલીએ વધુ ઉંચા લક્ષ્યો તરફ મીટ માંડી છે, જેમ કે ભારતીય રાષ્ટ્રીય ટીમમાં ચુંટાવું.

# શ્રીપતિ તુડુ




*આ પ્રદેશની વતની આદિજાતિ, બાંગ્લાદેશ અને નેપાળમાં પણ જોવા મળે છે

^સંથાલી ભાષા માટેની લિપિનું નામ



શ્રીપતિએ ભારતનું બંધારણ સાંભળ્યું હતું, પરંતુ હવે એવું બન્યું કે આખરે તેને અંગ્રેજીમાં વાંચવાની તક મળી.
ઐતિહાસિક રીતે દલિત સમુદાય તરીકે, આપણે સંથાલોએ આપણા અધિકારો વિશે જાણવું જોઈએ. બંધારણમાં અનુસૂચિત જનજાતિ માટે પણ વિશેષ જોગવાઈઓ છે! પણ શરમજનક છે કે આપણામાંના ઘણા તેને વાંચી શકતા નથી.
2003માં, સંથાલીને એક અધિકૃત ભાષા તરીકે માન્યતા મળી. તેને શીખવવા માટે સરકારી શાળાઓ શરૂ થઈ, સંથાલી ભાષાના પાઠ્યપુસ્તકોની માંગ ધીમે ધીમે વધી છે.
શ્રીપતિ, હાજર પાઠ્યપુસ્તકોને સંથાલીમાં અનુવાદિત કરવા માટે નિયુક્ત શિક્ષાવિદો પૈકી એક હતો.
2019માં, વર્ષો સુધી સંથાલી ભણાવીને અને અનુવાદની કલામાં નિષ્ણાત થયા પછી, તેણે એક એવા પ્રોજેક્ટ વિશે વિચારવાનું શરૂ કર્યું જેણે ક્યારેય તેનું મન છોડ્યું ન હતું.
મારે મારા લોકો માટે બંધારણને ઍક્સેસિબલ બનાવવું જ જોઈએ. હું તેને સંથાલીમાં અનુવાદિત કરીશ.
THE CONSTITUTION OF INDIA
જલ્દી જ, કોવિડ-19 લોકડાઉને તેને તે કામ શરૂ કરવાની તક આપી. તેણે બંધારણના અંગ્રેજી, હિંદી અને બંગાળી સંસ્કરણોની સલાહ લીધી.
તેમાં ખૂબ જટિલ શબ્દો છે. આ આદિ જાતિલ કામી* છે.
ઘણાં પડકારોનો સામનો કર્યો.
પણ દ્રઢતા સાથે...
'દ્વિ નાગરિકતા' અને 'લોકશાહી પ્રજાસત્તાક' જેવા શબ્દોના સમકક્ષ શબ્દો સંથાલીમાં નથી. હું તેને બદલે ટૂંકા શબ્દસમૂહો તરીકે સમજાવીશ.


*ખૂબ જટિલ કામ




*"અમે, ભારતના લોકોએ રચના કરવાનો સંકલ્પ કર્યો છે...." આ પ્રસ્તાવનાનું પ્રથમ વાક્ય છે.

# યુવા બ્રિગેડ




*યુવા સમૂહ



તે બધા નોકરી કરતા હોવાથી, યુવા બ્રિગેડના સભ્યોએ સપ્તાહાંતે મંદિર પર કામ કર્યું.
અરે, આ ટનલ તો કાદવથી ભરાયેલી છે.
અરે જુઓ! સાંપ!
નિડર થઈને, તેમણે પોતાની સાફ-સફાઈ ચાલુ રાખી.
ધીમે-ધીમે, મંદિરની સુંદરતા બહાર આવવા લાગી.
આ બધા કોતરણી કામ ખૂબ જટિલ છે.
હું સોશિયલ મીડિયા પર આ પોસ્ટ કરવા જઈ રહ્યો છું...કદાચ અન્ય લોકો અમારી સાથે જોડાશે.
જલ્દી જ -
મેં તમારી પોસ્ટ જોઈ. મારો સિમેન્ટનો વ્યવસાય છે. હું પુનઃનિર્માણ માટે માલસામગ્રી આપી મદદ કરી શકું છું.
હું પેઇન્ટ પૂરું પાડી શકું છું.
મૂળ મૂર્તિઓ લાંબા સમયથી ચોરાઈ ગઈ હતી. યુવા બ્રિગેડે નવી મૂર્તિઓ સ્થાપિત કરી, ક્ષતિગ્રસ્ત દિવાલોનું સમારકામ કર્યું અને મહિનાઓની મહેનત પછી, વીરભદ્રસ્વામી મંદિર ફરીથી સ્વચ્છ અને સુંદર બન્યું.
તે જ વર્ષે પછી, પ્રધાન મંત્રીએ મન કી બાતમાં આ સમૂહની પ્રશંસા કરી.
જ્યારે મેં ભારતની યુવા શક્તિને જોઈ, મને ખૂબ આનંદ થયો અને ખાતરી થઈ કારણ કે તેમની પાસે "કરી શકું છું" વાળો અભિગમ છે અને તેમનામાં "હું કરી બતાવીશ" વાળી ભાવના પણ છે. તેમના માટે કોઈ પડકારો મોટા નથી. કંઈપણ તેમની પહોંચથી બહાર નથી.



# મન કી બાત

## વોલ્યુમ 11

મન કી બાતનું અગિયારમું વોલ્યુમ, પ્રધાન મંત્રી મોદીના રેડિયો શો પર આધારિત છે, જે સાબિત કરે છે કે ‘મન હોય તો માળવે જવાય’.

દૈતારી નાઈક એવા ગામમાં રહેતા હતા જ્યાં જમીન સુકાઈ ગઈ હતી, પાક મરી રહ્યો હતો અને ટેકરીની પાછળથી પાણીનો અવાજ હંમેશા સંભળાતો હતો પણ ક્યારેય દેખાયું નહોતું. એક ભાગ્યશાળી સવારે, તે લોખંડનો સરિયો, એક કોદાળી અને ઈતિહાસ રચવાની ઈચ્છા સાથે નીકળી પડ્યો. વર્ષોના પરિશ્રમ પછી, જીવનદાયી પાણીથી ભરેલી નહેર આ ઇચ્છાના પ્રમાણપત્ર તરીકે વહેલા લાગી.

સોનાલી હેલવી મોટા સપનાઓ સાથે ગરીબીના બોઝ હેઠળ જન્મી. કબડ્ડીમાં તેની રુચિને પરિવારે હતોસ્તાહિત કરી, જેઓ રિપોર્ટ કાર્ડ અને પ્રવેશ પરીક્ષાઓને જ ફક્ત સફળતાના માર્ગ તરીકે જોતા હતા. પણ સોનાલીની ઇચ્છા ખૂબ મજબૂત હતી. આટલા વર્ષોમાં, તેણે ઘણાં મેચને પદકોમાં બદલ્યાં અને શંકાસ્પદ લોકોને સમર્થકોમાં બદલ્યાં.

શ્રીપતિ ટુડુએ પોતાનું જીવન પોતાની માતૃભાષા સંથાલીની સેવામાં વિતાવ્યું છે. જ્યારે તેણે શોધી કાઢ્યું કે આ આદિવાસી ભાષામાં ભારતનું બંધારણ અસ્તિત્વમાં નથી, ત્યારે તેની ઇચ્છા જાગી ગઈ. આ ઇચ્છા તેની પડખે ઉભી રહી, અથક અનુવાદના મહિનાઓ પછી સંથાલ લોકોને તેમના અધિકારોનું જ્ઞાન મળ્યું.



₹99
www.amarchitrakatha.com
ISBN 978-93-6127-021-5
9 789361 270215